નવગુજરાત સમય

Text View Comments Email Print

# આંત્રપ્રિન્યોરશિપ ફીલ્ડમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી





આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના ડોક્ટરલ કક્ષાના ફેલો પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટના વિદ્યાર્થી રાજ કે શંકરે તાજેતરમાં નોર્વે ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત બેબસન કોલેજ આંત્રપ્રોન્યોરશિપ રિસર્ચ કોન્ફરન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે સંશોધનમાં વિશ્વના ટોચના 25 સ્કોલર્સમાં પસંદગી પામનાર રાજને વિશ્વવિખ્યાત નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મળ્યું હતું. આ કોન્ફરન્સમાં રાજે ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલા તથા સ્ટાર્ટ અપ્સ અને કોર્પોરેટ્સ બંને માટે લાભદાયક કોર્પોરેટ એક્સેલરેટર્સ ટ્રેન્ડ અંગે સંશોધન રજૂ કર્યું હતું.